**ક્રિમી.કેસ નંબર 23424-2022 ના કામે આંક :૧ લગત હુકમ**

**પોલીસ તરફથી આરોપી સામે પ્રોહીબીશન એકટ ક. ૬૬(૧)(બી), ૮૫(૧) (૩) મુજબનુ ચાર્જશીટ રજુ કરેલ છે. જે સબંધે મેડીકલ ઓફિસર તરફથી આપવામા આવેલ ફોર્મ–એ વંચાણે લેતા તેમા કોલમ નં.૭ મા Under the influence of alchohol or not: NOT દર્શાવેલ છે. જેથી આલ્કોહોલની અસર તળે આરોપી નહી હોવાનુ જણાઈ આવે છે. તે જ રીતે મેડીકલ ઓફિસરે તેમના અભિપ્રાયમા જણાવેલ છે કે In my opinion the said person had consumed alcohol and he was not under influence of alcohol and he was able to take care of himself. દર્શાવેલ છે. જે છાપેલા ફોર્મમા મેડીકલ ઓફિસર ધ્વારા જરૂરી વિગતો ચેકીને લખેલ છે. જેનો સારાંશ ઉપર મુજબ છે. જેથી આરોપી આલ્કોહોલની અસર તળે ન હોવાનુ તથા પોતાની જાતને સંભાળી શકે તેમ હોવાનુ ખુદ મેડીકલ ઓફિસરે ફોર્મ નં.એ મા દર્શાવેલ છે. જેથી પ્રોહીબીશન કાયદાની કલમ–૮૫(૧)(૩) ના તત્વો સંતોષાતા નથી. આ તબકકે કલમ ધ્યાને લેતા** (1) Whoever in any street of throughfare or public place or in any place to which the public have or are permitted to have access (1) is drunk and incapable of taking care of himself, or (2) behaves in a disorderly manner under the influence of drink[or (3) is found drunk but who is not he holder of permit granted under the provisions of this Act or is not eligible to hold a permit .... **આમ ઉપરોકત કલમના તત્વો સાથે મેડીકલ ઓફિસરના પ્રમાણપત્ર જોતા આરોપી આલ્કોહોલની અસર તળે ન હોવાનુ તથા તેની જાતનુ સંભાળ કરી શકવા સક્ષમ હોવાનુ ખુદ મેડીકલ ઓફિસરે જણાવેલ હોઈ કાયદાની જોગવાઈ મુજબ આવશયક તત્વો જણાઈ આવતા નથી. વધુમા આરોપી જે સ્થળેથી મળી આવેલ છે તે સ્થળ જાહેર જગ્યા હોવાનુ પણ જણાઈ આવતુ ન હોઈ તે સંજોગોમા પણ આરોપી સામેનો કેસ ટકવાપાત્ર જણાતો નથી. જેથી તહોમતદાર સામેની કાર્યવાહી ક્રિ.પ્રો. કોડ ક. ૨૫૮ અન્વયે પડતી મુકી છોડી મુકવાનો તથા તેમની સામેનો કેસ ફેસલ કરવાનો હુકમ કરવો ન્યાયી જણાય છે. મુદ્દામાલ નાશ કરવો. મુદ્દામાલ સબંધે વચગાળાના હુકમો કાયમી કરવા. ફરીયાદપક્ષ આ અદાલત અગર તો આ અદાલત જેના તાબા હેઠળ હોય તેવી ઉપલી અદાલતની ક્રિ.પ્રો. કોડ ક. ૩૦૦(૫) મુજબની પરવાનગી લઈને સદર ડીસ્ચાર્જનો હુકમ રદ કરાવવા હકદાર રહેશે.**

**તા.૧૨ માર્ચ ૨૨ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

| | | |
|---|---|---|
| | | **( બી. જે. પટેલ )** |
| | | **એડીશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૪)**<br>**અ મ દા વા દ.** |